**-ઃ પ્રેસ નોટ ઃ-**

**"પોલીસ જાપ્તામાંથી ભાગી છુટેલા કુખ્યાત આરોપીએ ગુજરાતભરમાં એટીએમ તથા બેંક બ્રેકીંગ તથા લુંટ, ઘરફોડ, ચાલુ ટ્રકે માલ સામાનની ચોરી કરી હાહાકાર મચાવેલ તે ગેંગના મુખ્ય સુત્રધારને ઝડપી પાડી વીસેક જેટલા ગંભીર ગુનાનો ભેદ ઉકેલી કાઢતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ"**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચનાઓ આધારે મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી તથા સ્કોડના પો.સ.ઇ.ડી.એસ.ગોહિલ તથા સ્કોડના માણસો નાઓએ આવા મિલ્કત વિરુધ્ધના ગુનાના આરોપીઓને શોધી કાઢવા સારું હાથ ધરેલ ઝુંબેશ દરમ્યાન અગાઉ ઘણા મિલ્કત સબંધી ગુન્હાઓમાં પકડાયેલ આરોપી નામે સત્તારશા આલમશા ફકીર ઉવ.૨૭, રહે.ગામ શેડલા, તળાવની પાળે, કબ્રસ્તાન સામે, મારુતી જ્વેલર્સની ગલીમાં, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર નાનો કે જે ......**અગાઉ અમદાવાદ રુરલ, વડોદરા જીલ્લો અને ભરુચ જીલ્લાઓમાં આખેઆખા એટીએમ ઉપાડી લઇ જવાના ગુનાઓમાં** તેમજ લુંટ, ઘરફોડ, ચાલુ ટ્રકે તાલપત્રી કાપી માલ સામાનની ચોરી કરવી જેવા ગુનાઓમાં માંડલ પો.સ્ટે.ના ૩ ગુના, થરા પો.સ્ટે.ના ૩ ગુના, સાણંદ પો.સ્ટે.ના ૧ ગુના, ધ્રાંગધ્રા પો.સ્ટે.ના ૭ ગુના, સમી પો.સ્ટે.ના ૧ ગુના, વિરમગામ રુરલ ચોરી લુંટના ૮ ગુના, સાંતલપુર પો.સ્ટે.ના ૯ ગુના, બગોદરા પો.સ્ટે.ના ૩ ગુના, દસાડા પો.સ્ટે.ના બે ગુનામાં પકડાયેલ છે.એ રીતેના **ચાલીસેક જેટલા ચોરી તથા લુંટોના ગુનાઓમાં પકડાયેલ** હોય તેમજ સમી પો.સ્ટે.ખાતે પોલીસ જાપ્તામાંથી જાપ્તાના માણસોને ચકમો આપી નાસી ગયેલ હોય જે રીઢો અને ખુંખાર આરોપીની તપાસમાં હતા દરમ્યાન મળેલ ચોકકસ અને આધારભુત બાતમી આધારે મજકુરને આજરોજ તા.૨૭.૩.૨૦૧૬ ના કલાક ૧૯.૦૦ વાગે રીવરફ્રન્ટ ખાતે સુભાષબ્રિજ તરફથી આવી દધીચી બ્રીજ તરફ જતા રોડ ઉપરથી એક ચોરીના પલ્સર બાઇક સાથે ઝડપી લઇ સદરીની યુકિત પ્રયુકિતથી આગવી ઢબે પુછપરછ કરતા પોલીસ જાપ્તામાંથી ભાગી ગયા બાદ નીચે મુજબના ગુનાઓ પોતાના સાગરીતો લોંગ તૈયબ સંધી રહે.ગામ રાણીસર તા.સમી જી.બનાસ કાંઠા તથા કોડા મતુ રહે.ગામ પાટી તા.સમી જી.બનસકાંઠા નાઓની મદદ તથા અન્ય સાગરીતો સાથે કરેલાની અને તે ગુનાઓમાં આજદિન સુધી નહીં પકડાયેલાની કબુલાત કરેલ છે.

**તા.૧૧.૫.૨૦૧૫ ના રોજ સમી પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાં કોર્ટમાં રજુ કરેલ ત્યારે કેદી જાપ્તાની પોલીસને ચકમો આપી ધકકો મારી ફરાર થઇ ગયેલ** જે અંગે સમી પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૪/૧૫, ઇપીકો કલમ ૨૨૩, ૨૨૪, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

**૧.એ.ટી.એમ ચોરી ઃ ૫**

૧ શખેશ્વર પોલીસ સ્ટેશન ( લોલાડા ગામ) એચડીએફસી બેન્ક એટીએમ

૨. આગથડા પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૨ એચડીએફસી બેન્ક એટીએમ

૩. ભીલડી પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧ એચડીએફસી બેન્ક એટીએમ

૪.થરાદ પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧ એચડીએફસી બેન્ક એટીએમ

**૨.બેન્ક તિજોરીની ચોરી ઃ ૨**

૧.ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧

૨.અંજાર પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧ એચડીએફસી બેન્ક તીજોરી

**૩.લુંટ ઃ ૧**

૧. પાટડી પોલીસ સ્ટેશન વિસ્તાર ( દંપતીને લુંટી લીધેલ )

**૪. ચાલુ વાહને તાડ પતરી કાપીને કરેલ ચોરીઓ ઃ ૮** જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં

**૫. વાહન ચોરી ઃ ૨**

૧. શખેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧

૨. અંજાર પોલીસ સ્ટેશન વિસ્તાર ઃ ૧

**કુલ ઃ ૧૯ ગુના**

સદરી આરોપીએ ગુનાઓ કરવાની શરુઆત સને ૨૦૦૬ ની સાલથી કરેલ છે સદરીને જુગાર રમવાનો ભારે શોખ હોય જુગાર રમવા માટે પૈસાની અવાર નવાર જરુર પડતા મિત્રો પાસેથી હાથ ઉછીના પૈસા લેતો હતો અને જુગાર રમવામાં હારી જતો હતો.આ દરમ્યાન ચોરી કરવાનો વિચાર આવતા પોતાના ગામ શેડલા ખાતે મકાનમાથી રુ.૫૦૦૦/૦૦ ની ચોરી કરેલ તે વખતે સદરીની ઉમર ૧૬ વર્ષની હતી ત્યારથી લઇ અત્યાર સુધીમાં ગુના કરવાની એમ.ઓ.

૧. બેન્કનુ એ.ટી.એમ. ચોરી

૨. બેન્કની તથા સહકારી મંડળીની તિજોરી ચોરી

૩. ચાલુ વાહને તાડપતરી કાપી લઇ ચોરી

૪. ઘરફોડ ચોરી

૫. એકલ દોકલની લુંટ ચલાવવી

૬. વાહન ચોરી અને સાદી ચોરીઓ જેવી મીલકત વિરુધ્ધના તમામ ગુનાઓ ઉપરાંત આરોપીએ પોતાના સાગરીતો સાથે મળી કરેલ હોવાની કબુલાત કરેલ છે.જે ગુનાઓ ઉપરાંત પણ બિજા ઘણા નાના મોટા ગુનાઓ આરોપીએ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

આ આરોપીને જે તે પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી કરવા તજવીજ કરવામાં આવેલ છે.